ધી રાઇટ્સ ઓફ પર્સન વીથ ડીસેબીલીટી એક્ટ- ૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજ્ય ફંડ (State Fund for PWD)ની રૂ.૫૦૦.૦૦ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૯/૨૩૩૩૨૨/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૯/૨૦૧૯.

<u>વંચાણે લીધા</u>:-

(૧) આ વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૮/૧૧૮૧૦/ ન.બા.૩/છ.૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૫.૦૪.૨૦૧૯નો પત્ર નં- યજન/૬૦ /નવી-બાબત-૧૯-૨૦/૨૦૧૯/૨૪૧.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં- સસુખા/યજન /નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૧૩.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં- સસુખા/યજન /૨૦૧૯-૨૦/૩૩૮.

<u>આમુખ</u>:-

ધી રાઇટ્સ ઓફ પર્સન વીથ ડીસેબીલીટી એક્ટ,૨૦૧૬ અંતર્ગત ડીસેબીલીટીઝ ફંડ ઉભું કરવા માટે કાયદાની કલમ-૮૮ અનુસાર દિવ્યાંગો માટે રાજ્ય ફંડ (State Fund for PWD) ઉભું કરવાની જોગવાઇ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના ઠરાવથી ધી રાઇટ્સ ઓફ પર્સન વીથ ડીસેબીલીટી એક્ટ,૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજ્ય ફંડ ઉભું કરવા અંગેની વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની રૂ. ૧૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબત ધી રાઇટ્સ ઓફ પર્સન વીથ ડીસેબીલીટી એક્ટ,૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજ્ય ફંડ (State Fund for PWD) ની રૂ.૫૦૦.૦૦ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષા

, ગાંધીનગરની ક્રમાંક (૩) અને (૪) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૨) થી (૫) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ધી રાઇટ્સ ઓફ પર્સન વીથ ડીસેબીલીટી એક્ટ,૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજ્ય ફંડ (State Fund for PWD) ની રૂ.૫૦૦.૦૦ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની શરતોને અધિન આપવામાં આવે છે.

શરતો:

(૧) આ ફંડના ઉપયોગની કાર્યપ્રણાલી, નિયમો વગેરે અંગે નાણા વિભાગ (DMO)ની મંજૂરી મેળવવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાન્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. કે. પાંડર)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.